# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

રેફ નં. તાઃ ૮/૧૦/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'ઇન્વેસ્ટર એટીટયુટ, અલ્ટીટયુટ ૬૦૦૦૦ સેન્સેકસ લેવલ' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૮ ઓકટોબર, ૨૦૨૧ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'ઇન્વેસ્ટર એટીટયુટ, અલ્ટીટયુટ ૬૦૦૦૦ સેન્સેકસ લેવલ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે એકસીસ મ્યુચ્યુઅલ ફંડના સીઇઓ જિનેશ ગોપાણીએ રોકાણકારોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

જિનેશ ગોપાણીએ જણાવ્યું હતું કે, સેન્સેકસ પ્રથમ વખત ૬૦૦૦૦ની સપાટી કુદાવી છે અને ૩૧ વર્ષમાં પહેલી વખત સેન્સેકસમાં ટૂંકા સમયગાળામાં આટલો મોટો ઉછાળો જોવા મળ્યો છે. એની પાછળ ઘણા કારણો છે, પરંતુ મુખ્યત્વે કારણ એવા છે કે નીફટીની ૪૦ ટકા જેટલી કંપનીઓ એકસપોર્ટ વધારે કરી રહી છે. જેમાં આઇટી, એફએમસીજી, ફાર્મા અને કેમિકલ વિગેરે કંપનીઓનો સમાવેશ થાય છે. કોરોનાની ત્રીજી લહેર નહી આવે અને વિદેશમાં રાજનીતિક ઉથલપાથલ નહી થાય તો ભારતમાં હાલમાં જે વિદેશી રોકાણ આવી રહયું છે તે સ્થિતિ ભવિષ્યમાં પણ જળવાઇ રહેશે અને તેમાં પાંચથી સાત ટકાનો વધારો થઇ શકે છે.

બીજીતરફ, યુ.એસ.નો બોન્ડ ઇલ ઉપર નીચે થાય તો મુશ્કેલી સર્જાઇ શકે તેમ છે. ક્રુડ ૮૫થી ૯૦ ડોલરથી ઉપર જાય તો ભારતના ફિઝીકલ ડેફીસીટને અસર થઇ શકે છે. જો કે, હાલમાં પ્રાઇઝ કરેકશન થઇ ગયું છે અને ટાઇમ કરેકશન પણ આવી શકે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જીએસટી અને નોટબંધીને કારણે ભારતમાં જે સેકટરો અનઓર્ગેનાઇઝ હતા તે ઓર્ગેનાઇઝ થઇ ગયા છે અને મહત્વની કંપનીઓ હવે બોર્ડ ઉપર આવી ગઇ છે. કોરોનાને કારણે લોકડાઉનમાં ડિજીટલાઇઝેશન વધારે થઇ ગયું છે. ઓનલાઇન પ્રોડકટ વેચતી કંપનીઓમાં વધારો થયો છે. આથી ડિજીટલ કંપની અને આઇટી કંપનીઓનું ભવિષ્ય સારું છે. બીજીતરફ, યુવા પેઢી પણ ફાસ્ટ ફૂડ તરફ આકર્ષાઇ છે ત્યારે ઓનલાઇન ફૂડનું વેચાણ કરતી કંપનીઓ પણ પ્રગતિના પંથે આગળ વધી રહી છે. યુએસની જેમ હવે ભારત પણ સુપર કન્ઝમ્પ્શન રિકવર ઇકોનોમીની દિશામાં આગળ વધી રહયું છે.

આ વેબિનારમાં ચેમ્બરના માનદ્ મંત્રી દીપકકુમાર શેઠવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની કેપીટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના ચેરમેન અયુબ યાકૂબઅલીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કમિટીના કો–ચેરમેન દિપેશ પરીખે વકતાનો પરિચય આપ્યો હતો. અંતે કમિટીના કો–ચેરમેન હાશિમ યાકૂબઅલીએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.